એક વાર ઉજવણી માટે મિત્રો ભેગા થયા હતા. ચર્ચા નીકળી કે ‘દંપતી’ એટલે શું? એક પુરુષમિત્રે કહ્યું કે ‘જે સંબંધમાં પત્ની પતિને રાહતનો દમ ન લેવા દે તેને દંપતી કહેવાય.’ બીજી જ ક્ષણે તેમની પત્નીએ કહ્યું, ‘ના, હોં, જે સંબંધમાં પતિ હંમેશાં પોતાનો દમ બતાવતો રહેતો હોય તે દંપતી.’ સૌ હસવા લાગ્યા. આ તો રમૂજની વાત હતી. આમ જુઓ તો ‘દંપતી’ એ એક ઉમદા શબ્દ છે, જેનું મૂળ સંસ્કૃતમાં રહેલું છે. બે શબ્દોના સંયોગથી તે બનેલો છે, ‘દામ’ અર્થાત્ ઘર/ગૃહ અને ‘પતિ’ એટલે માલિક/સ્વામી. અને એટલે ‘દંપતી’ શબ્દનો અર્થ થયો ઘરનું સંયુક્ત સ્વામિત્વ ધરાવતા પતિ-પત્નીનું યુગલ. જ્યારે ‘દંપતી’માં ‘ય’ પ્રત્યય લગાવવામાં આવે એટલે બને દાંપત્ય. અને તેનો અર્થ વૈવાહિકજીવન કે લગ્નજીવન. બે અલગ-અલગ વ્યક્તિ એકસાથે રહી એકમેકને પૂરક જીવન જીવે તેમાં ઘણું સામર્થ્ય અને શક્તિઓ સમાયેલી હોય છે.

જોકે દાંપત્યની ભાષા અટપટી હોય છે. ક્યારેક પુછાયેલા પ્રશ્નોના જવાબ નથી મેળવવાના હોતા, તો ક્યારેક અપાયેલા જવાબ સામે પ્રશ્ન પૂછવાના નથી હોતા. ક્યારેક આંખોના ખૂણેથી છલકતાં સંવેદનો ઝડપી લઈ તે મસ્તકને એક ટટ્ટાર ખભો ધરવાનો હોય છે અને હા, ક્યારેક એ ખભાને કોઈના ખોળામાં ઢાળવાનો પણ હોય છે.

આમ તો તકરાર કરવા કોઈ એક જોઈએ,
ને પ્રેમ પારાવાર કરવા એક કોઈ જોઈએ.

આપ કોઈના માટે પ્રાયોરિટી ટેબલમાં સૌથી ઉપર છો, તે હકીકત જીવનની સૌ વિષમ પરિસ્થિતિઓને પહોંચી વળવાનું સામર્થ્ય આપતી હોય છે.

તું જન્મેલી ઇચ્છા ને હું ઊગતો પ્રયાસ છું.
એક વાત ખાસ મારી કે હું તારો ખાસ છું.

દાંપત્યજીવન સુખદુ:ખની આંટીઘૂંટીમાંથી પસાર થતું હોય છે.

જાણે એક રોલર-કોસ્ટર રાઇડ જ સમજી લો. ક્યારેક ખૂબ ઊંચે તો ક્યારેક ઝડપથી નીચે જવું, ક્યારેક રોમાંચ તો ક્યારેક ડર. પણ એક વાત તો નક્કી, તે દરેક નવા વળાંકે એકમેકનો હાથ જોરથી પકડી રાખ્યો હોય, તે જ આગળના વળાંકમાંથી પસાર થવાની હિંમત આપે. અને છેવટે તે સફરના અંતે આંખોમાં પાણી હોય, તે મુસાફરીનાં સૌ જમા-ઉધાર પાસાંનું સરવૈયું.

દાંપત્ય એ આંસુને ઈંધણ બનાવી સંજોગોનો સામનો કરવાની અપાર શક્તિ કેળવવાનું માધ્યમ છે. એકમેકની નબળાઈઓ સ્વીકારી તે પાત્રનું સર્વસ્વ આવકારવાની ભાવના એટલે દાંપત્યનું સામર્થ્ય. દાંપત્ય એક દર્પણ પણ છે, જે આપણા પાર્ટનરમાં છુપાયેલી શક્તિઓને રૂબરૂ કરાવવાની અને તેમને ક્યારેક પોતાના 'બેસ્ટ' સ્વરૂપ સાથે ઓળખાણ કરાવવાની કળા પણ છે.

ઑફિસમાં મળેલી થોડી નવરાશની ક્ષણોમાં નાનો મૅસેજ કરવો કે શહેર બહાર પ્રવાસે જઈએ અને ડેસ્ટિનેશન પર પહોંચતાં જ સૌથી પહેલા તેને જાણ કરીએ કે પછી કોઈ ગમતો ક્રિકેટર સારું રમે તો તેનાં અભિનંદન પાર્ટનરને પાઠવીએ, તો ક્યારેક ફેસબુકનું આ રીલ તેને ખૂબ ગમશે તેમ વિચારી તરત ફૉર્વર્ડ કરીએ. આ બધી જ વાતો દાંપત્યને કોઈની જાણબહાર, આપોઆપ, મોટા પ્રયત્નો વગર સમૃદ્ધ બનાવતી હોય છે.

એક કહેવત છે કે બે હંસોની જોડી એ પક્ષીઓમાં સૌથી વધુ સમય એકસાથે વિતાવતી હોય છે. એક પક્ષીની વિદાય અને વિરહ બીજું સહન કરી શકતું નથી. ઘણાં આવાં વયસ્ક કપલ્સ જોયાં હશે કે એકની વિદાય પછી બીજાનો જીવનરસ આછો થઈ જાય, કારણ કે તેમણે પોતાનું જીવન-વન તેમના પાર્ટનર સિવાય કલ્પ્યું નથી હોતું. દાંપત્ય એ જીવન જીવવાનું ઈંધણ પૂરું પાડે છે અને શ્વસવા માટેનું કારણ પણ.

**– મૌલીન**

# હું તારો ખાસ છું

જો તું પરવાઝ છે,
તો હું બે પાંખ છું.

ને જો તું છે શમણું,
હું બીડેલી આંખ છું.

તું જે વિચારે છે,
એ જ હું વાત છું.

તું જો છે રમત,
હું જીત ને મ્હાત છું.

તું ખરતું ગુલમહોર,
હું ઝીલતો બાગ છું.

તું કેસૂડાનો રંગ છે,
હું ખીલતો ફાગ છું.

તું જન્મેલી ઇચ્છા ને,
હું ઊગતો પ્રયાસ છું.

તું જો છે જીવતર,
હું લેવાતો શ્વાસ છું.

એક વાત ખાસ મારી,
કે હું તારો ખાસ છું.

# એક કોઇ જોઇએ

આમ તો તકરાર કરવા, એક કોઈ જોઈએ,
પ્રેમ પારાવાર કરવા, એક કોઈ જોઈએ.

પાસ હો તો એ નડે છે, કામમાં ને કાજમાં,
દૂરથી દરકાર કરવા, એક કોઈ જોઈએ.

છો દલીલોના વિના હું માનતો સૌ વાતને,
વાત તે પુરવાર કરવા, એક કોઈ જોઈએ.

તેમની સાથે રમતમાં હાર તો હંમેશ હો,
મ્યાનમાં તલવાર કરવા, એક કોઈ જોઈએ.

હીંચકો ખાલી ઝૂલે છે આપણી એ યાદમાં,
ભૂલનો સ્વીકાર કરવા, એક કોઈ જોઈએ.

શું બનાવું હું જમણમાં એમ કોને પૂછવું?
ભાવતો કંસાર કરવા, એક કોઈ જોઈએ.

પોતપોતાની સફરમાં છો બધા ચાલ્યા ગયા,
ચાલતો સંસાર કરવા, એક કોઈ જોઈએ.

## એમ તારું મળવું મને

એમ તારું મળવું મને,
જાણે ફરી છળવું મને.

રાહ જોઈ પડી ખબર,
શું હોય ટળવળવું, મને.

પ્રેમબાજી એવી લાગી,
નહીં ફાવે રળવું મને.

વીતે ને વર્તાય નહીં,
એમ તારું કળવું મને.

ધીરે ધીરે ઊગ્યા બંને,
ગમતું નથી ઢળવું મને.

આ નિકટતા લાગે છે,
બાધાઓનું ફળવું મને.

ગમે તારામાં ભળવું મને,
આપ વ્હાલપ હળવું મને.

## તારી કદર મળે

ક્યારેક તો મને તારી કદર મળે,
મંઝિલે પ્હોંચવા મીઠી સફર મળે.

અવગણે છે તું પણ અણગમો નથી,
એકાદ વાર તો તારી નજર મળે.

જ્યારે મળે તું હોય કોઈ સખી સાથે,
સપનું છે મારું તું, તેની વગર મળે.

વિચારું છું, તને ક્યારે વિચારતો નથી?
ના એવી શબ મળે ના ફજર મળે.

આવ્યા છો હવે તો હાથમાં હાથ દો,
હું ક્યાં કહું છું આપણા અધર મળે.

# આંસુ

આંસુ સુકાઈ જાય છે, યાદો જતી નથી,
તારા પછી પણ તેં કહેલી વાતો જતી નથી.

તું ત્યાં જ બેઠો છે અને બોલાવશે મને,
ખાલી પડેલી તે જગાની ભાતો જતી નથી.

તેના શરણમાં તું ગયો તેવું કહે છે સૌ,
ને સાદ ત્યાં જાતો નથી સોગાતો જતી નથી.

રે'વું મને છે એકલું તે સ્મરણો સાથે,
આ ભીડમાં જાતો દિવસ, રાતો જતી નથી.

ને સમય છે ઓસડ બધી ઉપાધિઓ તણું,
તારા વિના ટૂંકી પળોની ઘાતો જતી નથી.

## જો હોય આખરી

જો હોય આખરી આ મુલાકાત આપણી,
બસ એમ હાથ ઝાલી કરો વાત આપણી.

સરકી જશે હથેળી પરથી રેત સમયની,
દિવસો નથી હવે ને નથી રાત આપણી.

પુરવાર શું કર્યું આપણે નાહક ચર્ચા કરી,
જીત્યું નથી જ કોઈ ને ક્યાં મ્હાત આપણી,

તેં જાત પારકે પ્રસંગે જો ઘસી હશે,
તો એ જ છોડશે ત્યાં ભીની ભાત આપણી.

માગ્યું સદા પ્રભુથી ને આપ્યું કદી નથી,
આભાર માનશો એ થશે સોગાત આપણી.

# મારું રુદન

સાથે છો પણ એ સંગાથ કહેવાય નહીં,
મારું રુદન તને સનમ જો સંભળાય નહીં.

મારી નિશાની તું બધી પાછી આપી દે,
ના લઈએ એવું કંઈ, જે સચવાય નહીં.

એવા મુકામે આ જિંદગીને લાવવી નથી,
જ્યાં રહેવાય પણ નહીં ને સહેવાય નહીં.

થોડો સમય એકમેકથી થોડા દૂર થઈએ,
નાહક કોઈ અંજાય નહીં ને અદેખાય નહીં.

શમણાંનાં પારેવડાં દૂર ગગને ઊડી ગયાં,
યાદ ના આવે હવે ને સાદ કોઈ પડઘાય નહીં.

સાંજ આખી વાત વિના વીતી ગઈ, પણ,
શ્વાસની ધમણને મૌન શું એ સમજાય નહીં.

# તે બોલે

તે બોલે, બસ સાંભળો, કંઈ બોલવાનું નહીં,
સલાહ તેણે માગી નથી, મોં ખોલવાનું નહીં.

સવારથી સાંજ ભલે અભિપ્રાયો માગે બધા,
પણ ઘરે આવી સલાહની શીંગો ફોલવાની નહીં.

તમે સંતુલિત જીવન જીવવાના પ્રવચન ભલે આપો,
તેના આવેગ અને આવેશને ત્રાજવે તોલવાનાં નહીં.

તેના માટે પૂછ્યા વગર ક્યારેય યુદ્ધે ના ચડશો,
બુદ્ધિની અણી બુટ્ટી સારી તેને બહુ છોલવાનું નહીં.

તેના સુખે સુખી ને દુઃખે દુઃખી સ્વયંભૂ થાઓ તે સારું,
ને મોજ બસ માપે ઊજવો, માપથી વધુ ડોલવાનું નહીં.

## વાત વીસરાતી નથી

એમની સાથે કરેલી વાત વીસરાતી નથી,
પ્રેમની વાતો બધાને એમ પીરસાતી નથી.

તેમની બે પાંપણો પર ધ્યાનથી રાખો નજર,
એક વારે ખીજવાયે એમ રીઝવાતી નથી.

આપણે વાતો બધી જે એકબીજાને કરી,
ભાવભીની લાગણીને એમ કહેવાતી નથી.

કે મળ્યાનો રંગ ઘેરો જો નજર એવો ચડ્યો,
કે વિરહના વસવસે પણ આંખ ભીંજવાતી નથી.

સાથ તેની જ્યાં હતો હું, બસ ફક્ત ત્યાં હતો,
યાદ પગભર જે થઈ છે એમ વીખરાતી નથી.

# પહેલી કવિતા

પહેલી કવિતા તો પ્રેમ જ લખાવે છે,
ભલે સૌ જુદાં જુદાં બહાનાં બતાવે છે.

પહેલો પાઠ પણ પ્રેમ જ ભણાવે છે,
ભલે અનુભવો બીજાના ગણાવે છે.

દરેક પ્રસંગ વ્યકિતત્વને ઘડાવે છે,
કાં તો એ ચડાવે છે કાં તો રડાવે છે.

જોખમે જીતો તો બધા જશ્ન મનાવે છે,
ને હારે એ 'ન હારવાના' નેમ બનાવે છે.

અધૂરાનાં ધણ અભણ ચાળે ચલાવે છે.
શૂરાને તો કુદરત હરિનો હાથ ઝલાવે છે.

## आँखों से...

आँखों से थकान अभी गई नहीं है,
तुम्हें भी रात को नींद आई नहीं है।

नतीजा क्या निकला उस बातों का,
बहस में कभी जीत किसी की हुई नहीं है।

चलो हम ग़लत थे और आप सही हमेशा,
आपकी हँसी से बडी कोई बधाई नहीं है।

आप जब खुद इतने उलझे हुए हो,
हमारी उलझनें आपको बताई नहीं है।

अब खुद से निकल कर खुद को देखेंगे,
वे ग़लतियाँ क्यों हमें नज़र आई नहीं है?

आपका दर्द हमें बेचैन रखता है, जैसे,
हमारी ऊंचाइयों ने मंजिल पाई नहीं है।

## આઝાદ

આઝાદ રે'વું છે તને થાવું મને છે કેદ,
કોને ખબર કેમે કરીને ભાંગશે આ ભેદ.

મારા બધાએ પ્રયત્નો પામર ઠર્યા છે હવે,
જો સ્નેહ હો તો થાય સરવાળો ન ઊડે છેદ.

ક્યારે થયું તું આમ તેની ખબર તો નથી,
તેણે ભણ્યા છે વાદ જુદા ને મેં જુદા વેદ.

મારી ભૂલો વિશે રહ્યો હું છું દિલગીર,
તેની ચૂક વિશે નથી તેને જરાય ખેદ!

પૂરી થવા તે આખડી-બાધા હવે છે રાખી,
ઇબાદત કરે કામ, જ્યાં ન ચાલે પ્રસ્વેદ.

## ધ્યાન

ધ્યાન હોતું નથી ક્યારેક, જ્યાં નજર હોય છે,
પ્રેમ પાંગરતો નથી સદા, જ્યાં કદર હોય છે.

વરસતાં વરસાદમાં પણ તેમનાં આંસુ પામી ગયો,
ને લાગે તેમને, મને બધી ક્યાં ખબર હોય છે.

વર્ષો સાથે રહ્યા છતાં, ક્યારેક લાગે છે અજાણ્યા!
પણ વર્તનમાં તેનાં મારી સદા ત્યાં અસર હોય છે.

કોખમાં ગોઠવાયેલા દીકરાનો પ્રેમ પાકટ હોય છે.
શું ખબર તેને ક્યાં લલાટ ને ક્યાં અધર હોય છે.

## ભલે

ભલે પૂછીએ પ્રશ્ન પણ હંમેશ જવાબ જોઈતા નથી,
આ પુરુષો કેમ સ્ત્રીઓને ક્યારેય સમજતા નથી?

પૂછેલા પ્રશ્નોનો અમે જવાબ માગતા નથી,
આ પુરુષો સ્ત્રીઓને કેમ સમજતા નથી?

દરેક કોયડાના ઉપાય સામે ધરી દે છે,
પણ શાંતિથી થોડી વાર સામે બેસતા નથી.

પોતે જો મૂંઝાય તો એકાંતનો લે આશરો,
પૂછીએ પણ બે શબ્દ મોંમાંથી બોલતા નથી.

તણાવ ઓછો થાય ને એ મૂળ રૂપમાં આવે,
પાછા મૂળ રૂપમાં એ ઝાઝું ટકતા નથી.

## હું ને તું

આ સમય જાશે વીતી ને બાકી રહીશું હું ને તું,
આપણા સૌ આઘા થશે, સાથે વહીશું, હું ને તું.

પાંખ ફૂટે ઊડવાનાં દૂર નભમાં પારેવાં,
હાથ ઝાલી એમ હૈયે હામ દેશું, હું ને તું.

સ્વાદ સૌના ધ્યાનમાં તું રાખતી આવી, હવે,
પીરસીને આપશે જે તે ગ્રહીશું, હું ને તું.

હાથ છૂટા સૌ કરે છે જાતને કંડારવા,
વાપરેલી જિંદગીનો મેળ કરશું, હું ને તું.

ઊજવીને નીકળે છે બાળકો તહેવારને,
દીવડા ઠારી ફરીથી રાહ જોશું, હું ને તું.

વાયરા વાશે નવા ને રીત નોખી આવશે.
શાંત રે'શું ને નજરથી વાત કે'શું, હું ને તું.

# કવિતાનું પૂર

ચાલ હું કવિતાનું પૂર લઈને આવું,
ને તારાથી થોડો તને દૂર લઈને આવું!!

મીઠી યાદો થોડા સમયથી ફિક્કી પડી છે,
થોડી ક્ષણોની લાંબી એ વાતો ટૂંકી પડી છે,
પાછું ચાલ ચહેરે તે નૂર લઈને આવું,
ને તારાથી તને થોડી દૂર લઈને આવું!!

અવસર વિરહનો એટલો વર્તાતો નથી,
મિલનમાં તું પહેલાં જેમ મલકાતો નથી,
શોધી પેલા શરણાઈના સૂર લઈને આવું,
ને તારાથી તને થોડી દૂર લઈને આવું!!

સૂના ઘરના ખૂણા ફરી વાતોથી ગજવીએ,
અમથા અમથા એકબીજાને થોડું તો પજવીએ,
ગમતી સોગાદ જે તને એ ભરપૂર લઈને આવું,
ને તારાથી તને થોડી દૂર લઈને આવું!!

ચાલ હું કવિતાનું પૂર લઈને આવું,
ને તારાથી થોડો તને દૂર લઈને આવું!!

# વાત તારી

વાત તારી યાદ આવે, ને બધું જાઉં ભૂલી,
આંખ તારી યાદ આવે, ને બધું જાઉં ભૂલી.

વાયરા પાલવ થઈને ગાલને સ્પર્શી રહ્યા,
સ્મિતના એ જામ પાવે, ને બધું જાઉં ભૂલી.

ખુરશી બસ બે હતી જે સાવ સામે ગોઠવી,
જાણતા પાની અડાવે, ને બધું જાઉં ભૂલી.

આંગળી સ્પર્શે અચાનક, આંખ જાતી બે નમી,
ભીતરે શું હચમચાવે, ને બધું જાઉં ભૂલી.

તે પૂછે છે કે મને શું ફાવશે ને ભાવશે,
એ જ રીતે વ્હાલ વાવે, ને બધું જાઉં ભૂલી.

સાચવીને રાખવી છે આ બધી યાદો હવે,
તું ફરી એ સાંજ લાવે, ને બધું જાઉં ભૂલી.

## માનતા શાને નથી?

આંખ મારી જે કહે છે ભાળતા શાને નથી?
જે વીતે છે આ હૃદય પર જાણતા શાને નથી?

એક આદત એમની છે, પાસથી ચાલ્યા જવું,
શ્વાસ મારો સળવળે છે, પામતા શાને નથી?

જેમ લોકો પરબ બાંધી પ્યાસ સૌની છીપતાં,
એક હૈયાની તરસ છે, ઠારતા શાને નથી?

કે બહાનું આ વર્ષાનું મેં ધરી દીધું હવે,
આ છત્રીમાં બે પલળશું, આવતા શાને નથી?

લો અનાયાસે તમે અમને ફરી કેવા મળ્યા,
યોગ પણ મારી તરફ છે, માનતા શાને નથી?

# વરસી રહ્યો છું

મેહ બનીને વરસી રહ્યો છું,
પંખી બનીને ઊડી રહ્યો છું.

સ્મિત તારું મળ્યું આંખો ને,
લાગે ફરી હું જીવી રહ્યો છું.

ઇચ્છા ઊગે, ત્યાં પૂરી થાતી,
બાધાઓને હું ફળી રહ્યો છું.

તું લાવી છે પ્રેમની મોસમ,
ભીની સોડમ સૂંઘી રહ્યો છું.

આમ મળવું તારું અચાનક,
શાને હું ભાન ભૂલી રહ્યો છું.

કે શરમાવું છે તારું ઘરેણું,
ને હું એમ જ ખૂલી રહ્યો છું.

આ સમયને નથી વીસરવું,
સાથે તારી હું ઝૂલી રહ્યો છું.

# પારેવડાં

'પારેવડાં', આ શબ્દ અહીં પક્ષીઓ માટે નથી વપરાયો. ઝડપથી મોટાં થઈ જતાં ભૂલકાંઓ, જે ગઈ કાલે મા-બાપની આંગળી પકડી ડગલીઓ ભરી રહ્યાં હતાં અને હવે પોતે પોતાના વિશ્વમાં ઊડવાની તૈયારી કરી રહ્યાં છે, જે થોડા સમયમાં પોતાના નભમાં વિહરવાનાં છે, જેમનો સ્પર્શ અને સહવાસ પછી બસ શબ્દ અને અવાજમાં જ અનુભવાશે, તે બાળકો માટે આ શબ્દનો પ્રયોગ કર્યો છે.

'પરવાઝ' કેટલો સુંદર ઉર્દૂ શબ્દ. પરવાઝ એટલે 'First fly of a bird'. જ્યારે પક્ષીનું બચ્ચું પહેલી વાર ઊડે ત્યારે તેનાં માતાપિતાનો આનંદ અપાર હોય છે અને સાથોસાથ તેમનાં હૃદયમાં એવા પણ ભાવ જન્મતા હશે કે હવે થોડા સમયમાં તે આપણાથી અળગું થશે. સરેરાશ નવજાત પક્ષીઓને સ્વતંત્ર થતાં એકથી દોઢ મહિનો જ લાગે છે. મનુષ્યોમાં આ સમય વધારે હોય છે, પરંતુ માતાપિતાની અંદર આકાર લેતાં સંવેદનો અલબત્ત, આ પક્ષી યુગલ જેવાં જ હોય છે.

આજના આ યંત્રવત્, ટૅક્નૉલૉજીથી વણાયેલા જીવનમાં જાણે બાળકો ખૂબ ઝડપથી 'મોટાં' થઈ જાય છે. બાળજીવનની જુદીજુદી અવસ્થાઓ જેમ કે બાલ્યાવસ્થા, તરુણાવસ્થા અને પછી યુવાવસ્થામાંથી આજકાલ તરુણાવસ્થા ખૂબ ઓછી ટકે અને તેઓ ઝડપથી યુવાવસ્થા તરફ હરણફાળ ભરતાં હોય તેવું લાગે. આ કારણે જ જાણે મા-બાપને તેમના 'વાલી'માંથી 'મિત્ર' બનવાનો સમય ઓછો મળે છે. આ વિશ્વને વધુ સુંદર જગ્યા બનાવવા આપણું જીવન ખર્ચવું તે સમજાવતાં અને સમજતાં પહેલાં તો 'પારેવડું' ઊડું-ઊડું થઈ રહ્યું હોય. મા-બાપના વિચારોથી પ્રભાવિત બાળક જ્યારે પોતાનાં મંતવ્યો પ્રદર્શિત સ્વયંભૂ કરવાનું શરૂ કરે ત્યારે સમજવું કે તરુણાવસ્થાએ દ્વાર પર દસ્તક દીધી છે.

દીકરી મા-બાપ માટે લાગણીનો બાગ હોય છે અને પિતા માટે

તો આસ્ફાલ્ટની સડક પર હળવેથી પડતાં ગુલમહોરનાં ફૂલ જેવી હોય છે. દીકરી એ વાદળી આકાશની સાદગી હોય છે. જેને નિહારતાં થાક ન લાગે, તેના હૃદયની વિશાળતામાં અને નાનકડા ખોળામાં દરેક પિતાને ટાઢક મળે. જ્યારે દીકરો વહાલનું વળગણ હોય છે. કોઈ પણ વિશેષ પ્રયત્ન વગર તેના પિતાનું પ્રતિબિંબ તેના વ્યક્તિત્વમાં ઝલકાતું હોય છે. પિતા-પુત્રના વાર્તાલાપમાં રમત, ઠપકો, સલાહ, ચર્ચા, મંતવ્યોનો હુંકાર અને છેવટે એકમેકમાં ઓગળી જાય તેવો પોતીકો પ્રેમ રહેલો હોય છે. આ જ તરુણો જ્યારે માતાપિતાએ કહેલી વાત તેમના મિત્રો સમક્ષ ટાંકે, ત્યારે તેમને લાગે કે તેના મૂળમાં અમારો અંશ હજી જીવંત છે અને મનોમન એક હાશકારો અનુભવે, જેમ સૂકી રેતી પર પાણી છાંટો ને માટીની મહેક ઉદ્ભવે, તેમ મા-બાપના ચહેરા પર એક આછા સ્મિતની સુગંધ રેલાય.

‘વાલી’ બનવું એ એક અંતર ને ઊર્જા આપતું કામ છે, છતાં ક્યારેક તે અંતરને સંવેદનાથી હચમચાવે પણ ખરું. ‘પૅરન્ટહૂડ’ એટલે પારેવડાંને હૈયાની નિકટ રાખી દૂર નોખા વિચારમાં અને વિશ્વમાં ઊડવાની હિંમત આપવાનું કામ.